**Enrollment No: ______________________ Exam Seat No: ______________________**

# C. U. SHAH UNIVERSITY

## Winter Examination-2019

**Subject Name: Accounting & Finance – III**

**Subject Code: 4CO03AFI2 Branch: B.Com (Gujarati)**

**Semester: 3 Date: 28/11/2019 Time: 02:30 To 05:30 Marks: 70**

Instructions:

(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**Q-1 Attempt the following questions: (14)**

**a)** પાઘડીનું મૂલ્યાંકન કરતી વખતે ધંધામાં રોકાયેલી મૂડી નક્કી કરતી વખતે ક્યાં પ્રકારના રોકાણો ધ્યાનમાં લેવાતાં નથી**?** 1

(A)કાયમી (B) ધંધાકીય (C) બિનધંધાકીય (D) ચાલુ

**b)** પાઘડીના મૂલ્યાંકન માટે રોકાયેલી મૂડીની ગણતરી કરતી વખતે નીચેનામાંથી કઈ વિગત ધ્યાનમાં લેવામાં આવે છે**?** 1

(A) કારીગર નફાભાગ ભંડોળ (B) પ્રાથમિક ખર્ચા

(C) કારીગર અકસ્માત વળતર ફંડ (D) એક પણ નહિં

**c)** અધિક નફાનું સૂત્ર ....... 1

(A) અપેક્ષિત નફો – સરેરાશ નફો (B) સરેરાશ નફો – અપેક્ષિત નફો

(C) સરેરાશ નફો +અપેક્ષિત નફો (D) અપેક્ષિત નફો + સરેરાશ નફો

**d)** કંપની શેરની કઈ કિંમત પર ડિવિડન્ડ આપે છે**?** 1

(A) બજાર (B) વાજબી (C) આંતરિક (D) મૂળ

**e)** ચોખ્ખી મિલકતની ગણતરી કરતી વખતે કઈ મિલકત ધ્યાને લેવાતી નથી**?** 1

(A) અવાસ્તવિક (B) ચાલુ (C) સ્થિર (D) એક પણ નહિં

**f)** શેરની આંતરિક કિંમત – 200રૂ., શેરની બજાર કિંમત – 100રૂ. છે તો શેરની વાજબી કિંમત 1

(A) 200 (B) 150 (C) 100 (D) 300

**g)** નીચેના પૈકી ક્યા ખર્ચ વાહન વ્યવહાર ઉદ્યોગ માટે સ્થિર ખર્ચ ગણાય છે**?** 1

(A) પેટ્રોલ (B) લાઈસન્સ ફી (C) ઓઈલ (D) ઘસારો

**h)** નીચેનામાંથી કઈ બાબતનો સમાવેશ સેવા ઉદ્યોગમાં નહિ થાય**?** 1

(A) હોસ્પિટલ (B) હોટેલ (C) બસ (D) ઓઈલ કંપની

**i)** માલના વાહન વ્યવહાર માટે ક્યો પડતર એકમ છે**?** 1

(A) પેસેન્જર કિ.મી. (B) ટન કિ.મી. (C) કિલોવોટ (D) ઉપરમાંથી એક પણ નહિં

**j)** ડિરેક્ટર ફી ક્યા આધારે ફાળવવામાં આવે છે? 1

(A) નોંધણી પછી (B) નોંધણી પહેલાં (C) સમયનાં પ્રમાણમાં (D) વેચાણનાં પ્રમાણમાં

**k)** ધંધાની ખરીદી – 1-1-2018, નોંધણી – 1-5-2018 અને હિસાબો – 31-12-2018 લખાય છે, તેના આધારે સમયનું પ્રમાણ .... 1

(A) 1:2 (B) 2:1 (C) 3:2 (D) 2:3

**l)** ભાડું ક્યા આધારે ફાળવવામાં આવે છે? 1

(A) સમય આધારે (B) વેચાણ આધારે (C) નોંધણી પછી (D) નોંધણી પહેલાં

**m)** રોકડ સંચાલનનું મુખ્ય ઓજાર ક્યું છે? 1

(A) શેરમૂડી (B) મૂડી પડતર (C) રોકડ અંદાજ પત્ર (D) મૂડી બજેટ

**n)** કઇ મૂડીને તરતી મૂડી કહે છે? 1

(A) સ્થિર મૂડી (B) અનામત મૂડી (C) કાર્યશીલ મૂડી (D) શેર મૂડી

**Attempt any four questions from Q-2 to Q-8**

**Q-2** **Attempt all questions** **(14)**

(A) રોયલ લિ. નું તા. 31-3-2018ના રોજનું પાકું સરવૈયું નીચે આપેલ છે. **7**

| જવાબદારી | રકમ રૂ. | મિલકતો | રકમ રૂ. |
|---|---|---|---|
| ઈક્વિટી શેર મૂડી, | 5,10,000 | કાયમી મિલકતો, | 4,50,000 |
| 12%ની પ્રેફરન્સ, |  | ચાલુ મિલકતો, | 2,25,000 |
| શેર મૂડી | 1,20,000 | રોકડ, | 60,000 |
| લેણદારો, | 1,80,000 | પ્રાથમિક ખર્ચા, | 75,000 |
|  | 8,10,000 |  | 8,10,000 |

**અન્ય માહિતી :**

1) કાયમી મિલકતોની બજાર કિંમત 10% ઓછી છે, જ્યારે અન્ય ચાલુ મિલકતોની બજાર કિંમત 12% વધારે છે.

2) અપેક્ષિત વળતરનો દર 15% છે.

3) ડિવિડન્ડ વહેંચાયા પહેલાંનો સરેરાશ વાર્ષિક નફો રૂ. 82,350 છે.

ઉપરની માહિતી પરથી અધિક નફાના આધારે પાઘડીની ગણતરી કરો.

(B) અધિક નફાના આધારે પાઘડીની ગણતરી કેવી રીતે કરવામાં આવે છે સમજાવો. **7**

**Q-3**

રીગલ ટેક્સટાઇલનું તા. 31-3-2018ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે. **14**

| દેવાં | રકમ રૂ. | મિલકતો | રકમ રૂ. |
|---|---|---|---|
| ઈ. શેર મૂડી **50,000** શેર દરેક રૂ. 10નો, | 5,00,000 | જમીન, | 20,000 |
| 10% ની પ્રેફરેન્સ શેર મૂડી, |  | મકાન, | 5,30,000 |
|  |  | યંત્રો, | 3,80,000 |

| | | | |
|---|---|---|---|
| અનામતો, | 5,00,000 | કારખાનું, | 2,80,000 |
| નફા નુકસાન ખાતું, | 1,60,000 | પ્રોવિડન્ટ ફંડના રોકાણો, | 60,000 |
| 12%ના ડિબેન્ચર, | 40,000 | સ્ટોક, | 1,74,000 |
| પ્રોવિડન્ટ ફંડ, | 2,00,000 | દેવાદારો, | 38,000 |
| લેણદારો, | 60,000 | રોકડ – બેન્ક | 18,000 |
| દેવીહૂંડી, | 30,000 | | |
| | 10,000 | | |
| | **15,00,000** | | **15,00,000** |

**વધારાની માહિતી:**

1) મકાનની હાલની બજાર કિંમત રૂ. 6,00,000 છે.

2) કંપનીનો સરેરાશ વાર્ષિક નફો 50% લેખે કરવેરા બાદ કર્યા પહેલાંનો રૂ. 3,00,000 છે.

3) આજ પ્રકારના ધંધામાં રોકાયેલી મૂડી પર વળતરનો દર 10% ગણાય છે.

4) કંપનીની પાઘડીની કિંમત રૂ. 50,000 આંકવામાં આવી છે.

ઉપરની વિગતો પરથી કંપનીના શેરની વાજબી કિંમત શોધો.

**Q-4 Attempt all questions (14)**

(A) **નીચેની સેવાઓ માટે તેના પડતર એકમો લખો:** 7

1) વીજળી કંપની 2) વોટર કંપની 3) ગેસ કંપની 4) હોટેલ
5) કેન્ટીન 6) હોસ્પિટલ 7) થિયેટર

(B) રાજુ ટ્રાન્સપોર્ટ કંપની બસ દોડાવા માટે 40 કિ.મી લાંબો (એક તરફ માર્ગ) આપવામાં આવેલ છે. બસની કિંમત રૂ. 1,10,000 છે અને તેની ભંગાર કિંમત રૂ. 14,000 છે. બસનું આયુષ્ય 10 વર્ષનું છે.

| **અન્ય માહિતી: -** | **રકમ રૂ.** |
|---|---|
| વીમા ખર્ચ (વાર્ષિક) | 3,300 |
| વાર્ષિક ટેક્સ | 2,100 |
| ગેરેજ ભાડું | 600 |
| વાર્ષિક મરામત ખર્ચ | 3,000 |
| ડ્રાઈવરનો પગાર – માસિક | 900 |
| કન્ડક્ટરનો પગાર – માસિક | 600 |
| વહીવટી ખર્ચ – માસિક | 2,400 |
| ડીઝલ અને ઓઈલ 100 કિ.મી દીઠ | 50 |

7

બસ દરેક ટ્રિપ વખતે સરેરાશ 50 પેસેન્જરને લઈને 2 આખી ટ્રિપ (એટલે કે આવતાં – જતાં) કરે છે.

મહિનાના સરેરાશ 25 દિવસ બસ દોડે છે.

**ઉપરની માહિતી પરથી પેસેન્જર કિલોમીટર દીઠ પડતર શોધો.**

**Q-5 Attempt all questions (14)**

(A) કાર્યશીલ મૂડીના પ્રકારો સમજાવો. 7

(B) કાર્યશીલ મૂડીનું મહત્ત્વ ચર્ચો. 7

Q-6

બાદશાહ કંપની ભાગીદારી પેઢીના ધંધાની ખરીદી તા. 1-1-2007ના રોજ કરે છે, બાદશાહ કંપનીની નોંધણી તા. 1-7-2007ના રોજ થાય છે અને પ્રથમ હિસાબોની તારીખ 31-12-2007 છે. 14

**હિસાબી વર્ષની વિગતો નીચે મુજબ છે.**

કાચો નફો- રૂ.1,18,000, ખરીદ કિંમતનું વ્યાજ- રૂ.4,200, ભાડું ચૂકવ્યું- રૂ.7,200 રોકાણો પર વ્યાજ - રૂ.600, પગાર - રૂ.12,000, જાહેરાત ખર્ચ - રૂ. 16,200 ઘસારો - રૂ.6,000, ડિરેક્ટર ફી (વાર્ષિક) - રૂ. 21,600, વેચાકનો પગાર - રૂ. 7,200 રોકાણ વેચાણની ખોટ - રૂ.1,200, ડિબેન્ચરનું વ્યાજ - રૂ.600, ડિલિવરી વાનના ખર્ચા રૂ. 3,600

**અન્ય માહિતી :** (1) જાન્યુઆરીથી જૂન સુધીના અર્ધ વર્ષમાં દર મહિને વેચાણ તેના અગાઉના માસ કરતાં બમણું થાય છે. જુલાઈથી ડિસેમ્બર સુધીના બીજા અર્ધવર્ષમાં દર મહિને વેચાણ તેના અગાઉના માસ કરતાં અડધું થાય છે. (2) ધંધાની ખરીદકિંમત તા. 31-7-2007ના રોજ ચૂકવાઈ છે. (3) રોકાણો તા. 31-5-2007ના રોજ વેચ્યાં છે.

(4) જાહેરાત ખર્ચ અને વેચકનો પગારમાં સ્થિર અને ચલિત ખર્ચા બન્ને સમાયેલા છે, જેનું પ્રમાણ 2:1 છે.

**Q-7 Attempt all questions (14)**

(A) શેરના મૂલ્યાંકનને અસર કરતાં પરિબળો જણાવો. 7

(B) કાર્યશીલ મૂડીના લક્ષણોની ચર્ચા કરો. 7

**Q-8 Attempt all questions (14)**

(A) નોંધણી પહેલાં અને નોંધણી પછીના નફા – નુકસાનની ગણતરી કરતી વખતે નીચેની વિગતો શેના આધારે ફાળવવામાં આવશે તે જણાવો. 7

1) પ્રાથમિક ખર્ચ 2) સામાન્ય ખર્ચ 3) જાહેરાત ખર્ચ 4) શેર ટ્રાન્સફર ફી
5) વીમા પ્રીમયમ 6) જાવકમાલ ગાડાભાડું 7) ઘાલખાધ

(B) સેવા પડતર પત્રકનો નમૂનો આપો. 7